**હિસાબ નિયામકશ્રીની કચેરી,**
**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,**
**સરદારકૃષિનગર–૩૮૫૫૦૬.**

**–:: પરિપત્ર–23/૨૦૧૮ ::–**

આથી તમામ કચેરીઓના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે કે, કેટલાક શૈક્ષણિક કર્મચારીઓના Rop-2009 માં કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) હેઠળ વખતો –વખત મળેલ લાભોનું આંતરિક ઓડીટ કરાવવામાં આવેલ નથી જેના પરીણામે નિવૃતિ સમયે એલ.એફ.કચેરીએથી વાંધા ઉપસ્થિત કરી કેસો પરત કરવામાં આવે છે. જેથી નિવૃતિ સમયે પેન્શન અને નિવૃતિ સબબના લાભો ચુકવણામાં વિલંબ થવા પામે છે. આથી શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓની સેવાપોથી ચકાસણી કરી Rop-2009 (6th pay) માં કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત ના લાભોનું છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર મુકરર કરવાના જરૂરી હુકમો કરાવી આંતરિક ઓડીટ કરાવવા જણાવવામાં આવે છે જેથી સાતમા પગાર પંચના અમલ સમયે પગાર મુકરર કરવાના કે નિવૃતિ સમયે એલ.એફ. કચેરીએથી પ્રશ્નો ઉપસ્થિત થાય નહિ અને સમયસર પગાર મુકરર થઈ શકે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

ઈ/ચા.હિસાબ નિયામક

જા.નં.સદાંકૃયુ/હિનિ/ઓડીટ/૩૯૯૨-૪૦૩૭/૧૮ તારીખ : ૨૪/૭/૨૦૧૮

**નકલ સવિનય રવાના :–**

(૧) આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ સારૂ.
(૪) નિયામકશ્રી, ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી વિભાગ,સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ તેમજ આ યુનિવર્સિટીની વેબસાઈટ પર જારી કરવા સારૂ.

D/mahesh 1/Letter

## હિસાબ નિયામકશ્રીની કચેરી,
## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,
## સરદારકૃષિનગર–૩૮૫૫૦૬.

**–:: પરિપત્ર– ૧૪ /૨૦૧૮ ::–**

આથી તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ / ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, તા.૦૧/૧/૨૦૧૬ના રોજ સેવામાં હોય તેવા બિન શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/અધિકારીશ્રીઓના 7th pay પગારપંચ (Rop-16) મુજબ પગાર મુકરરના IFMSના હુકમો જારી કરેલ છે.

સદરહું કર્મચરીઓની તા. ૦૧/૧/૨૦૧૬ના રોજની 7th pay મુજબ પગાર બાંધણી લોકલ ફંડ, ગાંધીનગર કચેરી પાસે કરાવી 7th pay સ્ટીકરો મેળવવાની ઘટતી કાર્યવાહી હાથ ધરવા નીચે મુજબની વિગતોના આધારો સાથે અત્રેની ઓડીટ શાખામાં ટેલીફોનીક સંપર્ક કરી જવાબદાર ને રૂબરું મોકલી આપવા જણાવવામાં આવે છે.

૧. અસલ સેવાપોથી.
૨. Rop-2006 સ્ટીકરની ઝેરોક્ષ નકલ.
૩. તા. ૦૧/૧/૨૦૦૬ પછી મળેલ ઈવેન્ટ(ઉ.પ.ધો/બઢતી/ડીમ ડેઈટ સેવાપોથી નોંધ)ની ઝેરોક્ષ નકલ.
૪. 7th pay મુકરર IFMS હુકમની નકલ.

**નોંધ :– ઉચ્ચત્તર/ ડીમડેઈટના કિસ્સામા લોકલફંડ કચેરી ધ્વારા છઠ્ઠા પગારપંચ મુજબ વેરીફીકેશન કરેલ હોય તે સિકકાની ઝેરોક્ષ નકલ લાવવાની રહેશે.**

પ્રસ્તુત પરિપત્ર માન. માન.કુલપતીશ્રીની મંજૂરી મેળવીને જારી કરવામાં આવે છે.

ઈ/ચા.હિસાબ નિયામક

જા.નં.સદાંકૃયુ/હિનિ/ઓડીટ/૪૦૩૮-૬૪ /'૧૮

તારીખ : ૨૪ /૭/૨૦૧૮

**નકલ સવિનય રવાના :–**

(૧) આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ સારૂ.
(૪) નિયામકશ્રી, ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી વિભાગ,સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ તેમજ આ યુનિવર્સિટીની વેબસાઈટ પર જારી કરવા સારૂ.

D/mahesh 1/Letter